આણંદ કૃષિ યુનિવર્સિટી

આણંદ-૩૮૮ ૧૧૦

ધી રાઇટ ટુ ઇન્ફોર્મેશન એક્ટ-૨૦૦૫

વંચાણે લીધા:-

(૧) અત્રેનો પરિપત્ર નં.આકૃયુ/રજી/લીગલ/સીસી.૨/૧૨૪૧-૧૨૭૯/૦૯, તા.૩૧-૩-૨૦૦૯

(૨) અત્રેનો પરિપત્ર નં.આકૃયુ/રજી/લીગલ/સીસી.૨/૩૯૪-૪૩૫/૧૩, તા.૧૨-૯-૨૦૧૩.

(૩) અત્રેનો પરિપત્ર નં.આકૃયુ/રજી/લીગલ/સીસી.૨/૬૩૯/૧૪, તા.૧૦-૯-૨૦૧૪

(૪) સેક્શન અધિકારીશ્રી, કૃષિ અને સહકાર વિભાગ(મ.૩), સચિવાલય, ગાંધીનગરના પત્ર ક્રમાંક: પરચ/૧૦૨૦૧૨/૧૮૧૮/મ.૩,(પાર્ટ-૩) તા.૧૮-૨-૨૦૧૫.

(૫) અત્રેની કચેરીના પરિપત્ર નં. આકયુ/રજી/લીગલ/સીસી.૨/૧૨૨/૨૦૧૫, તા. ૧૮/03/૨૦૧૫

!! પરિપત્ર !! **સ્મૃતિપત્ર**

આણંદ કૃષિ યુનિવર્સિટીના તમામ જાહેર માહિતી અધિકારીઓને જણાવવાનું કે, સર્વે જાહેર સંસ્થાઓ/જાહેર સત્તામંડળના કામકાજમાં પારદર્શિતા અને ઉત્તર દાયિત્વની ગુણકક્ષામાં વધારો થાય તેવા શુભ આશયથી નાગરિકોને માહિતી પ્રાપ્ત કરવાનો અધિકાર બક્ષતો ધી રાઇટ ટુ ઇન્ફોર્મેશન એક્ટ-૨૦૦૫ હેઠળ સંદર્ભ-૩થી પરિપત્ર જારી કરવામાં આવેલ છે. તેમછતાં ઘણી બધી કચેરીઓ તરફથી ગત વર્ષે માહિતી મળેલ નથી. પરિપત્રમાં દર્શાવેલ સૂચના અનુસાર માહિતીનો અધિકાર અધિનિયમ-૨૦૦૫ની કલમ-૪(૧)(ખ) હેઠળ દરેક જાહેર સત્તામંડળોએ કરવાની થતી ૧૭ મુદ્દાની માહિતી (પ્રો એક્ટીવ ડીસ્ક્લોઝર) પ્રસિદ્ધ કરવા અને નિયમિત અદ્યતન કરવા સંદર્ભ-૪ સરકારશ્રી તરફથી સૂચના મળેલ હોઇ, **તા.૧-૫-૨૦૧૫ની સ્થિતિએ અદ્યતન કરી તા.૩૧/૫/૨૦૧૫ સુધીમાં આણંદ કૃષિ યુનિવર્સિટીની વેબસાઇટ પર પ્રસિદ્ધ કરી તેમજ પેન ડ્રાઇવમાં રુબરુમાં તથા માહિતીની એક નકલ પ્રમાણપત્ર-એનેક્ષર-બી સાથે અત્રેની કચેરીને મોકલી આપવા સારૂં સંદર્ભ-૫થી જાણ કરવા છતાં આજ દિન સુધી માહિતી મળેલ નથી. સરકારશ્રીની સુચના મુજબ જે તે જાહેર માહિતી અધિકારી તરફથી માહિતી પ્રસિધ્ધ કરી માહિતી મોકલવામાં નહિ આવે અને આ બાબતે જે કોઇ પ્રશ્ન ઉપસ્થિત થશે તો આ અંગે જે તે જાહેર માહિતી અધિકારીને જવાબદાર ગણવામાં આવશે. જે અંગે નોંધ લેવી.**

કુલસચિવ

જા.નં. આકૃયુ/રજી/લીગલ/ ૩૧૦ /૧૫

તા.૧૯/ ૬/૨૦૧૫

નકલ રવાના:

(૧) યુનિવર્સિટીના તમામ યુનિટ/સબ-યુનિટ અધિકારીશ્રીઓ/જાહેર માહિતી અધિકારીશ્રીઓ તરફ.

(૨) નિયામકશ્રી, ઇન્ફોર્મેશન ટેક્નોલોજી, આ.કૃ.યુ., આણંદ તરફ જાણ તેમજ ઘટતી કાર્યવાહી સારૂ.

(૩) માન.કુલપતિશ્રી/કુલસચિવશ્રીના રહસ્યસચિવશ્રી, આ.કૃ.યુ., આણંદ તરફ.

(૪) આ કચેરીની તમામ શાખાઓ તરફ.